Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
UGC Approved Journal No. 63726
Impact Factor: 4.081
Volume-12, Issue-3, December-2018 www.researchguru.net

# રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનાનું અવલોકન (૨૦૦૬-૨૦૧૮)

જોશી મુકેશ પી
પી.એચ.ડી,સ્ટુડન્ટ,મહાત્મા ગાંધી ગ્રામ અભ્યાસ વિભાગ વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી, સુરત, ગુજરાત

**ટૂંકસાર:-** પરિયોજનાનુ કાર્યસ્વરૂપ મોટુ અને લાંબા સમય સુધી ચાલે તેવું હોય તો પરિયોજનાના ઘડતર સમયે જ તેના મૂલ્યાંકનની એટલે કે પરિયોજનાના અમલ પહેલા, દરમ્યાન અને પછીની જોગવાઈ તેના દસ્તાવેજી કરણમાં હોય છે. જેથી તેમાં થઇ રહેલા કાર્યોની પ્રગતિ અને પરિણામની યોગ્ય ચકાસણી અને જરૂરી સુધારાને અવકાશ રહે. કદમાં મોટી અને વિશાલ કાર્ય વ્યાપ અને વિસ્તાર ધરાવતી મનરેગા યોજનાનું મૂલ્યાંકન સમયાંતરે થવું ખુબ જ જરૂરી છે. પ્રસ્તુત સંશોધન પેપરમાં મનરેગા યોજનાનું વર્ષ ૨૦૦૬ થી ૨૦૧૮ દરમ્યાન રાષ્ટ્રીય સ્તરે પ્રાપ્ત ગૌણ માહિતી દ્વારા મૂલ્યાંકન કરવાનો હેતુ સામેલ છે. ગ્રામિણ વિકાસ ની અમુલ્ય શક્યતાઓ ધરાવતી આ યોજનાનું સમયાન્તરે મૂલ્યાંકન થતું રહે છે જેના વિવિધ અહેવાલો, આંકડાકીય માહિતી કે પછી સંશોધનોનાં સુચન થકી આ યોજનાને વધુ સફળ બનાવવા નીતિ વિષયક રજૂઆતો થતી હોય છે. અહી રજુ કરેલ પરિણામો થકી ગ્રામિણ વિકાસનાં આયોજનમાં સહભાગી બનતા વિવધ તજજ્ઞો,રાષ્ટ્રીય/રાજ્ય/જીલ્લા/તાલુકા તેમજ પંચાયત સંસ્થાઓ અને ગ્રામ્ય વિકાસ સાથે જોડાયેલ શેક્ષણિક જગતને ઉપયોગી નીવડી શકે તે હેતુસર આ સંશોધન અહેવાલ પ્રસ્તુત કરવામાં આવેલ છે.

મુખ્ય શબ્દો:- મનરેગા,મૂલ્યાંકન,સહભાગીતા,ગ્રામપંચાત,શ્રમિકો.

**પ્રસ્તાવના:** સ્વતંત્રતા બાદ પંચાયતી રાજ,સામુદાયિક વિકાસ યોજના તથા સામાજિક-આર્થિક વિકાસ માટેના આયોજિત કાર્યક્રમો ને લીધે ગ્રામિણ સમુદાયમાં ના સ્વરૂપમાં ફેરફાર થવા લાગ્યા,પરંતુ પરિવર્તનનો પ્રહવા બધે એક સરખો જણાતો નથી કારણ કે ભારતીય ગ્રામિણ સમુદાયો તરફ નજર કરતા તેમાં રહેલ વૈવિધ્યતાનો ખ્યાલ જોવા મળે છે. જો ગ્રામિણ સમુદાયનો સુયોજિત વિકાસ હાથ ધરવો હોય તો કુદરતી સંશાધનોનું ટકાઉ વિકાસ અને સમુદાયના સશક્તિકરણ ને ધ્યાને રાખવું પડશે. સાતત્યપૂર્ણ આર્થિક વિકાસ અને માનવ વિકાસમાં ગ્રામ્ય વિકાસ મહત્વની ભૂમિકા ધરાવે છે. ગ્રામ્ય અર્થતંત્રોનું પુનવર્સન થાય ત્યારે ગરીબી નિવારણ અત્યંત ઝડપી બને છે તથા ખેતીલક્ષી તથા બિન ખેતીલક્ષી ક્ષેત્રોમાં જીવનનિર્વાહના વિવીધીકરણની તકો મળી રહે છે.પ્રત્યેક વ્યકિતનો માનવ વિકાસ થાય એ માટે વિકાસ સર્વસમાવેશક હોવો જ જોઈએ એને, પરસ્પરને ટેકારૂપ ચાર આધાર સ્થંભોનો ટેકો હોવો જોઈએ,જેમાં રોજગારલક્ષી વિકાસ વ્યૂહરચના, નાણાંકીય સર્વસમાવેશકતામાં વધારો,માનવ વિકાસના સૌથી મહત્વના ક્ષેત્રો શિક્ષણ અને આરોગ્યમાં રોકાણ અને ભારે પ્રભાવ ધરાવતી અનેકવિધ દરમિયાનગીરીનો સમાવેશ થાય છે.

દેશમાં જેમ જેમ આર્થિક વિકાસ થવા પામશે તેમ તેમ ઉત્પાદન,રોજગારી,ઉત્પાદકતા વધવા પામશે જેથી ગરીબીનો પ્રશ્ન નાબુદ થશે.આઝાદી મેળવ્યા છતાં હજી ગરીબી નિવારવામાં સપૂર્ણ સફળતા મળી નથી.ગરીબો અને નબળા વર્ગના લોકો,પછાત લોકોના વિકાસ અને કલ્યાણ માટે અનેક યોજનાઓ અને કાર્યક્રમનું આયોજન થઈ રહ્યું છે. ગાંધીજીના અર્થશાસ્ત્ર મુજબ ગ્રામિણ ક્ષેત્રોમાં તકો વધારવી જોઈએ કે જેથી દેશના છેવાડાના વ્યક્તિને પણ સ્વમાનભેર જીવવાની તક મળે. ગ્રામિણ ગરીબી અને બેકારીની દિશામાં બંધારણને વળગી રહીને કામ કરવાની ભૂમિકા નિભાવવાની આ પહેલ વિશ્વ કક્ષાએ વિશીષ્ટ કામગીરીમાં સામેલ થઈ છે .બંધારણના નીતિવિષયક સિદ્ધાંતોની કલમ-૪૧ અન્વયે કામ કરવાનો અધિકાર આપવામાં આવ્યો છે. કોઈ ગ્રામિણ શ્રમિક કુટુંબ કામની માંગણી કરે તો આ કુટુંબને સ્થાનિક પંચાયતો કામ આપવા બંધાયેલ છે તે પ્રકારની કાયદાકીય જોગવાઈ કરતો મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ વર્ષ ૨૦૦૬ માં અમલીકરણ બન્યો છે.

મહાત્મા ગાધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર ગેરંટી એક્ટ ,2005 નો હેતુ દેશના અધિસૂચિત વિસ્તારોનાપ્રત્યેક નોધાયેલ પરિવારોને પ્રતિવર્ષ ઓછામાં ઓછું ૧૦૦ દિવસ નું અકુશળ શ્રમ કાર્ય આપીને ગ્રામીણ કુટુબોને ગરીબી અને ભૂખ થી બચાવવાનો છે કાયદાનો અમલ ગ્રામીણ વિકાસ મંત્રાલય દ્વારા ૨ ફેબ્રુઆરી-૨૦૦૬ થી દેશના ૨૦૦ સૌંથી પછાત જિલ્લાઓમાં ત્યારબાદ ૧૧૩ અને ૧૭ જિલ્લાઓમાં અનુક્રમે ૧ એપ્રિલ,૨૦૦૭ અને ૧૫ મે,૨૦૦૭ માં તબક્કા વાર અમલીકરણ કરવામાં આવેલ અને વર્ષ ૨૦૦૮ થી બાકીના બધાજ જિલ્લાઓમાં આવરી લેવાયો હાલમાં આ કાયદો ભારત દેશમાં ૬૪૪ જિલ્લાઓ ની દરેક ગ્રામીણ વસ્તી સાથે જોડાયેલ છે આ રોજગારી ગેરંટી એક્ટ થી બીજા હેતુ જેવા કે ઉત્પાદક મિલક્તોનું નિર્માણ ,પર્યાવરણ સુરક્ષા, મહિલા સશક્તિકરણ, ગ્રામીણ-શહેરી સ્થળાંતરમાં અંકુશ, સામાજિક સમતાને પ્રોત્સાહન પૂરું પાડી ગામડાઓ તેમજ ગ્રામીણ સમુદાય માં આર્થિક તેમજ સામાજિક પરીવર્તન લાવવાની ક્ષમતા રહેલ છે કારણ કે ગ્રામીણ વિસ્તારના દરેક વયસ્કો ને જે કામ માટે અરજી કરેલ હોય અને ૧૫ દિવસની અંદર સ્થાનિક સાર્વજનિક કાર્યોમાં કામ આપવામાં આવે છે જો કામ આપવામાં ન આવે તો બેરોજગારી ભથ્થું આપવાની જોગવાઈ આ એક્ટ માં રહેલ છે.આ કામોની અમલવારી ગ્રામ પંચાયત અથવા સરકારના વિભાગો દ્વારા કરવાની રહે છે તેમજ કામના કુલખર્ચમાં શ્રમિકો: માલસામાન ના ખર્ચ નું પ્રમાણ ૬૦:૪૦ જાળવવું જરૂરી છે યોજના ના સૂચારૂ અમલીકરણ માટે રાજય સરકાર,જિલ્લા,તાલુકા અને ગ્રામ પંચાયત સ્તરે વહીવટી માળખુ રચવામાં આવેલ છે જેના દ્વારા જુદી જુદી વહીવટી ,તાંત્રિક અને નાણાંકીય કામગીરી હાથ ધરવામાં આવે છે.

**<u>સાહિત્યનાં સારાંશ:-</u>**

યોજનાના અમલીકરણ બાદ ઘણી બધી સંસ્થાઓ,વ્યક્તિગત સંશોધકો તેમજ ગ્રામિણ વિકાસ મંત્રાલય દ્વારા રજુ થયેલ અહેવાલો જોવામાં આવે તો ૧૦૦ દિવસની રોજગારી પૂરી પાડવાની કાયદાની જોગવાઈ હોવા છતાં ૧૦ વર્ષમાં સરેરાશ ૪૫ દિવસની રોજગારી પૂરી પાડવામાં સક્ષમ રહેલ છે.યોજનાની શરૂઆતથી વર્ષ ૨૦૧૩, ડીસેમ્બેર સુધીમાં યોજના દ્વારા ૫

કરોડ કુટુંબોને રોજગારી પૂરી પાડવામાં સફળ રહી છે જે કુલ ભારત ગ્રામિણ કુટુંબો ના ૨૫ % જેટલા પરિવાર થાય છે તેમજ ૧૫૭૫ કરોડ માનવ દિવસની રોજગારી પૂરી પડેલ છે.

યોજના અતર્ગત કુલ ૩,૧૩,૮૪૪,કરોડ રૂપિયાનો ખર્ચ થયેલ છે જે પૈકી ૭૧ % ખર્ચ (૨,૨૨,૮૨૯ રૂપિયા) રોજગારીના વેતન સ્વરૂપે ગ્રામિણ શ્રમિકોને ચુકવવામાં આવેલ છે. CAG સંસ્થાના મંતવ્યો મુજબ આ કાયદાનો લાભ ગ્રામિણ સમાજમાં રહેલ અતિ ગરીબ કુટુંબો લઈ શક્યા નથી જયારે NCAER ના રીપોર્ટ મુજબ કાયદાનું અમલીકરણ થવાથી ૧૪ મિલિયન લોકો ગરીબી રેખાથી ઉપર જીવન નિર્વાહ ચલાવવા સક્ષમ રહ્યા છે. યોજના અંતર્ગત થયેલ જળ અને જમીન પરના કામો થકી પાણી નો જથ્થો તેમજ સગ્રહ સમય માં વધારો થતા સિંચાઈ યુકત વિસ્તાર વધ્યો છે તેમજ પાક પધ્તીમાં પણ બદલાવ આવ્યો છે. ગ્રામિણ મજુરી સાથે સંકળાયેલ શ્રમિકો ને યોજના અંતર્ગત મળતા વેતન થી અન્ય મજુરી કામોના દરો માં વધારો થયો છે આ ઉપરાંત અન્ય પસંદગીના કામો કરતા થયા છે જેથી સ્થળાંતરની પ્રક્રિયામાં ઘટાડો જોવા મળેલ છે.

**<u>સંસોધનનો હેતુ:-</u>** રાષ્ટ્રીય કક્ષાએ મનરેગા યોજનાનાં અમલીકરણ વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૧૮ નાં નાણાંકીય વર્ષનાં બજેટ દરમ્યાન થયેલ આયોજન તેમજ વર્ષ વાર થયેલ આયોજન નાં સન્દર્ભમાં નાણાંકીય ખર્ચની વિગતો પ્રાપ્ત કરી યોજના અંતર્ગત વર્ષવાર ઉત્પન્ન થયેલ માનવદિન રોજગારી,શ્રમિક કુટુબોની ભાગીદારી અને ગ્રામિણ કક્ષાએ પૂર્ણ થયેલ કામો ની તારીજ જાણવાનો હેતુ સમાયેલ છે. જેથી બાર વર્ષનાં સમય દરમ્યાન ગ્રામિણ વિકાસમાં મહત્વરૂપ ગણાતી મનરેગા યોજનાનું યોગદાન જાણી શકાય.

**<u>સંસોધન પદ્ધતિ:-</u>** અભ્યાસના હેતુસર મનરેગા યોજના અતર્ગત થયેલ નાણાંકીય આયોજન,પૂર્ણ થયેલ કામો તેમજ શ્રમિક કુટુબોની ભાગીદારીની આંકડાકીય વિગતો જુદા જુદા સમયે સરકારશ્રીના અહેવાલ,માર્ગદર્શિકા તેમજ યોજનાના રાષ્ટ્રીય સ્તરે સંચાલિત ONLINE MIS સીસ્ટમ દ્વારા જે તે સમયે ઉપલબ્ધ માહિતી એકત્રિત કરવામાં આવેલ છે. એકત્રિત કરેલ આ માહિતીને ટકાવારી તેમજ સરેરાશ નાં આધાર પર વિશ્લેષણ કરી સંશોધનનો હેતુ પરિપૂર્ણ કરાયેલ છે.

**<u>રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનાનું અવલોકન</u>**

**(૧) બજેટ જોગવાઈ:-** બાર વર્ષના કુલ બજેટમાં રૂ. ૩,૯૩,૬૯૯ કરોડ નું આયોજન કરવામાં આવેલ હતું. જે પૈકી ૯૭.૪૪ ટકા રકમની ફાળવણી કેન્દ્ર દ્વારા કરવામાં આવેલ છે.**<u>(ટેબલ ક્રમાંક ૧)</u>** આયોજિત બજેટ નાં સન્દર્ભમાં કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ નાણાંકીય ટકાવારી જોતા માલુમ પડે છે વર્ષ ૨૦૦૭-૦૮,૨૦૧૫-૧૬,૨૦૧૬-૧૭ અને ૨૦૧૭-૧૮માં આયોજિત બજેટ કરતા વધારે નાણાંકીય ફાળવણી કેન્દ્ર સરકાર દ્વારા કરવામાં આવી છે જેની ટકાવારી અનુક્રમે ૧૦૫.૦૯,૧૦૩.૬૮,૧૨૩.૧૫ અને ૧૧૫.૯૫ જેટલી થાય છે જે પૈકી વર્ષ ૨૦૧૭-૧૮નાં બજેટમાં સૌથી વધુ રકમ ફાળવેલ હોવાનું જાણવા મળેલ છે. જયારે વર્ષ ૨૦૧૧-૧૨ દરમ્યાન આયોજિત બજેટ પૈકી સૌથી ઓછી ૭૨.૯૬ ટકા રકમ કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ હતી.

**ટેબલ:-૧ રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનામાં નાણાંકીય જોગવાઈ**

| વર્ષ | બજેટ જોગવાઈ (કેન્દ્ર દ્વારા) | નાણાંકીય ફાળવણી (કેન્દ્ર દ્વારા) | નાણાંકીય ફાળવણીની ટકાવારી કુલ બજેટ નાં સંદર્ભમાં |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ (૨૦૦ જીલ્લાઓ) | ૧૧૩૦૦ | ૮૬૪૦.૮૫ | ૭૬.૪૭ |
| ૨૦૦૭-૦૮ (૩૩૦ જીલ્લાઓ) | ૧૨૦૦૦ | ૧૨૬૧૦.૩૯ | ૧૦૫.૦૯ |
| ૨૦૦૮-૦૯(સમગ્ર જીલ્લાઓ) | ૩૦૦૦૦ | ૩૦૦૦૦.૧૯ | ૧૦૦.૦૦ |
| ૨૦૦૯-૧૦ | ૩૯૧૦૦ | ૩૩૫૦૬.૬૧ | ૮૫.૬૯ |
| ૨૦૧૦-૧૧ | ૪૦૧૦૦ | ૩૫૭૬૮.૯૫ | ૮૯.૨ |
| ૨૦૧૧-૧૨ | ૪૦૦૦૦ | ૨૯૧૮૪.૮૫ | ૭૨.૯૬ |
| ૨૦૧૨-૧૩ | ૩૩૦૦૦ | ૨૯૯૧૫.૬૭ | ૯૦.૬૫ |
| ૨૦૧૩-૧૪ | ૩૩૦૦૦ | ૩૨૮૨૦.૪૪ | ૯૯.૪૬ |
| ૨૦૧૪-૧૫ | ૩૪૦૦૦ | ૩૨૧૩૯.૧૦ | ૯૪.૫૩ |
| ૨૦૧૫-૧૬ | ૩૪૬૯૯ | ૩૫૯૭૪.૬૪ | ૧૦૩.૬૮ |
| ૨૦૧૬-૧૭ | ૩૮૫૦૦ | ૪૭૪૧૧.૭૨ | ૧૨૩.૧૫ |
| ૨૦૧૭-૧૮ | ૪૮૦૦૦ | ૫૫૬૫૮.૧૮ | ૧૧૫.૯૫ |
| કુલ | ૩૯૩૬૯૯ | ૩૮૩૬૩૧.૫૯ | ૯૭.૪૪ |

સ્રોત: (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard
(2) Ministry of Rural Development .GOI, Taken from Planning Commission of India

**(૨) વાર્ષિક ખર્ચ:-** મનરેગા યોજના અંતર્ગત આજદિન સુધી કેન્દ્ર સરકાર દ્વારા ફાળવેલ નાણા કરતાં વધુ નાણાંકીય ખર્ચ રાષ્ટ્રીય સ્તરે થયેલ છે **(ટેબલ ક્રમાંક:-૨)**. ફક્ત વર્ષ ૨૦૦૮-૦૯ માં આ ખર્ચ નું પ્રમાણ સરકાર દ્વારા ફાળવેલ નાણાંકીયનાં સન્દર્ભમાં ૯૦.૮૩ ટકા થયેલ છે કારણ કે આ વર્ષ દરમ્યાન મનરેગા યોજનાને રાષ્ટ્રીય સ્તરે લાગુ કરી ભારતનાં તમામ જીલ્લાઓને આવરી લેવાયેલ હતા જેથી અમલીકરણ સંસ્થાઓને ગ્રામ્ય સ્તરે માર્ગદર્શિકા અમલીકરણ કરવામાં તેમજ યોજના અંતર્ગત લાભ લેનારા શ્રમિક કુટુંબોને કાયદાની જાણકારી મેળવવામાં સમય લાગ્યો હોવાથી કેન્દ્ર દ્વારા ફાળવેલ નાણાંકીય વપરાશ ઓછો થયો હોવો જોઈએ. જયારે સૌથી વધુ ખર્ચ વર્ષ ૨૦૧૨-૧૩ માં ૧૩૦.૫૬ ટકા થયો હોવાનું માલુમ પડે છે. વર્ષ ૨૦૦૯-૧૦ થી વર્ષ ૨૦૧૭-૧૮ નાં દરેક વર્ષોમાં રાષ્ટ્રીય સ્તરે યોજના અંતર્ગત થયેલ ખર્ચની વિગતો જોતા માલુમ પડે છે કે કેન્દ્ર દ્વારા ફાળવેલ નાણા કરતા ૧૦ થી ૩૦ ટકા વધુ નાણાંકીય ખર્ચ થયેલ છે,

**ટેબલ:-૨ રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનામાં થયેલ નાણાંકીય ખર્ચ**

| વર્ષ | નાણાંકીય ફાળવણી (કેન્દ્ર દ્વારા) | વાર્ષિક ખર્ચ (કરોડમાં) | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ (૨૦૦ જીલ્લાઓ) | ૮૬૪૦.૮૫ | ૮૮૨૩.૩૫ | ૧૦૨.૧૧ |
| ૨૦૦૭-૦૮ (૩૩૦ જીલ્લાઓ) | ૧૨૬૧૦.૩૯ | ૧૫૮૫૬.૮૯ | ૧૨૫.૭૪ |
| ૨૦૦૮-૦૯ (સમગ્ર જીલ્લાઓ) | ૩૦૦૦૦.૧૯ | ૨૭૨૫૦.૧ | ૯૦.૮૩ |
| ૨૦૦૯-૧૦ | ૩૩૫૦૬.૬૧ | ૩૭૯૦૫.૨૩ | ૧૧૩.૧૩ |
| ૨૦૧૦-૧૧ | ૩૫૭૬૮.૯૫ | ૩૯૩૭૭.૨૭ | ૧૧૦.૦૯ |
| ૨૦૧૧-૧૨ | ૨૯૧૮૪.૮૫ | ૩૭૫૪૮.૭૯ | ૧૨૮.૬૬ |
| ૨૦૧૨-૧૩ | ૨૯૯૧૫.૬૭ | ૩૯૦૫૭.૪૧ | ૧૩૦.૫૬ |
| ૨૦૧૩-૧૪ | ૩૨૮૨૦.૪૪ | ૩૭૮૭૫.૭૬ | ૧૧૫.૪ |
| ૨૦૧૪-૧૫ | ૩૨૧૩૯.૧૦ | ૩૬૦૨૫.૦૪ | ૧૧૨.૦૯ |
| ૨૦૧૫-૧૬ | ૩૫૯૭૪.૬૪ | ૪૪૦૦૨.૫૯ | ૧૨૨.૩૨ |
| ૨૦૧૬-૧૭ | ૪૭૪૧૧.૭૨ | ૫૮૦૬૨.૯૨ | ૧૨૨.૪૭ |
| ૨૦૧૭-૧૮ | ૫૫૬૫૮.૧૮ | ૬૩૬૬૬.૩૪ | ૧૧૪.૩૯ |
| કુલ | ૩૮૩૬૩૧.૫૯ | ૪૪૫૪૫૧.૬૯ | ૧૧૬.૧૧ |

સ્રોત: (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard

(2) Ministry of Rural Development .GOI, Taken from Planning Commission of India

**<u>(3) શ્રમિક કુટુંબો:-</u>** વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૧૮ સુધીમાં યોજના અંતર્ગત સરેરશ ૪.૫ કરોડ શ્રમિક કુટુંબો એ યોજનાનો લાભ મેળવેલ છે **<u>(ટેબલ ક્રમાંક:-3)</u>** જેમાં વર્ષ ૨૦૧૦-૧૧ માં સૌથી વધુ ૫,૪૯ કરોડ શ્રમિક કુટુંબો સામેલ થયા હતાં ત્યાર બાદ દર વર્ષે શ્રમિક કુટુંબોની ભાગીદારીમાં ઘટાડો નોધાયેલ છે .જયારે સૌથી ઓછા શ્રમિક કુટુંબો વર્ષ ૨૦૦૬-૦૭ માં ફક્ત ૨.૧ કરોડ હતા કારણકે આ વર્ષમાં યોજનાનું અમલીકરણ મર્યાદિત વિસ્તારમાં હતું (૨૦૦ જીલ્લાઓ) તેમજ કાયદાની શરૂઆત આ વર્ષ દરમ્યાન થયેલ હતી.વર્ષ ૨૦૧૭-૧૮ ની લોકભાગીદારી ને વર્ષ ૨૦૦૮-૦૯ ની લોકભાગીદારી સાથે સરખામણી કરવામાં આવે તો વર્ષ ૨૦૧૭-૧૮માં ફક્ત ૧૨ ટકા જેટલો વધારો થયેલ છે પરંતુ વર્ષ ૨૦૧૦-૧૧ સાથે સરખામણી કરતા ૭ ટકા જેટલો લોકભાગીદારી માં ઘટાડો નોધાયો છે ત્યાર બાદ ના વર્ષોમાં પણ ક્રમશ ઘટાડો જાણવા મળે છે જેના ઘણાં બધા કારણો હોઈ શકે જે ગ્રામિણ સ્તરે સંશોધન વિષય બની શકે છે કારણ કે

યોજનાના અમલીકરણ અને આયોજનકર્તા ગ્રામ્ય પંચાયતો છે જેથી યોજનાની મુળ માર્ગદર્શિકામાં બદલાવ લાવી શકાય.

**(૪) કુલ માનવશ્રમદિન:-** મનરેગા યોજનામાં આજદિન સુધીમાં કુલ્લે ૨૪૯૧ કરોડ માનવદિન રોજગારીનું નિર્માણ થયેલ છે. **(ટેબલ ક્રમાંક:-3)** વાર્ષિક સરેરાશ ૨૦૮ કરોડ માનવદિન રોજગારી શ્રમિક કુટુંબોને પૂરી પાડવામાં આવેલ છે. વર્ષ ૨૦૦૬ થી ૨૦૦૧૮ દરમ્યાન સૌથી વધુ માનવદિન રોજગારીનું સર્જન વર્ષ ૨૦૦૯-૧૦ થયેલ હતું ત્યાર બાદ ક્રમશ માનવદિન રોજગારીમાં ક્રમશ ઘટાડો જાણવા મળે છે. જયારે વર્ષ ૨૦૧૪-૧૫ દરમ્યાન ફક્ત ૧૬૬ કરોડ માનવદિન રોજગારીનું સર્જન થયેલ છે.વર્ષ ૨૦૧૭-૧૮ માં સર્જન થયેલ કુલ માનવશ્રમદિન ને વર્ષ ૨૦૦૮-૦૯ ની સાથે તુલાના કરવામાં આવે તો વર્ષ ૨૦૧૭-૧૮માં ફક્ત ૮ ટકા જેટલો માનવશ્રમદિનમાં વધારો થયેલ છે. યોજના અંતર્ગત ઉત્પન્ન થયેલ માનવશ્રમદિનમાં ચડાવ ઉતાર જાણવા મળેલ છે .આ વધ-ઘટ જે તે વર્ષમાં થયેલ વરસાદ, પાક વાવેતર,કૃષિ ઉત્પાદન ,કૃષિ સલગ્ન રોજગારી અને જે તે સમયે અકુશળ કામગીરીનાં પ્રાપ્ય મજુરીનાં દરો અને મનરેગા યોજના અંતર્ગત પંચાયત દ્વારા થતું કામગીરીનું આયોજન મુખ્ય ભાગ ભજવતા હોય છે.

**ટેબલ:-3 રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનામાં શ્રમિકોની લોક ભાગીદારી**

| વર્ષ | રોજગાર યુક્ત કુટુબો (કરોડમાં) | માનવશ્રમદિન (કરોડમાં) | કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન | સરેરશ વેતન |
|---|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ (૨૦૦ જીલ્લાઓ) | ૨.૧ | ૯૦.૫ | ૪૩ | ૬૫ |
| ૨૦૦૭-૦૮ (૩૩૦ જીલ્લાઓ) | ૩.૩૯ | ૧૪૩.૫૯ | ૪૨ | ૭૫ |
| ૨૦૦૮-૦૯(સમગ્ર જીલ્લાઓ) | ૪.૫૧ | ૨૧૬.૩૨ | ૪૮ | ૮૪ |
| ૨૦૦૯-૧૦ | ૫.૨૬ | ૨૮૩.૫૯ | ૫૪ | ૯૦ |
| ૨૦૧૦-૧૧ | ૫.૪૯ | ૨૫૭.૧૫ | ૪૭ | ૧૦૦ |
| ૨૦૧૧-૧૨ | ૪.૯૯ | ૨૧૧.૪૧ | ૪૨ | ૧૧૭ |
| ૨૦૧૨-૧૩ | ૪.૭૩ | ૨૦૮.૭૪ | ૪૪ | ૧૩૨ |
| ૨૦૧૩-૧૪ | ૪.૫૩ | ૨૦૮.૮૨ | ૪૬ | ૧૪૪ |
| ૨૦૧૪-૧૫ | ૪.૧૪ | ૧૬૬.૨૧ | ૪૦ | ૧૪૪ |
| ૨૦૧૫-૧૬ | ૪.૮૧ | ૨૩૫.૧૫ | ૪૯ | ૧૫૪ |
| ૨૦૧૬-૧૭ | ૫.૧૨ | ૨૩૫.૬૫ | ૪૬ | ૧૬૨ |
| ૨૦૧૭-૧૮ | ૫.૧૨ | ૨૩૪.૨૭ | ૪૬ | ૧૬૯ |

સ્રોત: (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard
(2) Ministry of Rural Development .GOI, Taken from Planning Commission of India

**(૫) કુટુંબદીઠ વાર્ષિક માનવશ્રમદિન:-** વર્ષ ૨૦૧૨ થી ૨૦૧૮ દરમ્યાન કુટુંબદીઠ વાર્ષિક ૪૬ માનવશ્રમદિન નું નિર્માણ થયેલ છે. જેમાં વર્ષ ૨૦૦૯-૧૦માં સૌથી વધુ ૫૪ અને વર્ષ ૨૦૧૪-

૧૫ માં ૪૦ માનવશ્રમદિન કુટુંબદીઠ જાણવા મળેલ છે (ટેબલ ક્રમાંક:-૩). ૧૦૦ દિવસની રોજગાર ગેરેંટી આપતા કાયદાની જોગવાઈ મુજબ વર્ષવાર થયેલ માનવશ્રમદિન નું નિર્માણ ભારત જેવા કૃષિ પ્રધાન દેશોમાં ઓછું કહી શકાય. તેમજ કાયદાની જોગવાઈ માં જે તે નક્કી કરેલ વેતન દરો પણ યોજના અંર્તગત રોજગારી સર્જનમાં મહત્વનો ફાળો રહેલ છે.આ ઉપરાંત ગ્રામિણસ્તરે શ્રમિક કુટુબોની જાગૃતિ,યોજના અંતર્ગત થતું આયોજન, અમલીકરણ અને ગ્રામ્ય/તાલુકા/જીલ્લા સ્તેર થતી વહીવટી પ્રક્રિયાઓ મુખ્ય ભૂમિકામાં રહેલ છે.

(૬) સરેરાશ વેતન:- યોજનામાં આજદિન સુધીમાં શ્રમિક કુટુંબોને સરેરાશ ૧૨૦ રૂપિયા જેટલું વેતન ચુકવવામાં આવેલ છે,જયારે યોજનાની શરૂઆત થઈ ત્યારે વર્ષ ૨૦૦૬-૦૭ માં ૬૫ રૂપિયા જેટલું સરેરાશ વેતન શ્રમિક કુટુંબોએ મેળેવેલ છે ત્યારબાદ બાર વર્ષમાં સરેરાશ વેતનમાં ૪ ટકા થી ૧૫ ટકા સુધીનો વધારો વર્ષવાર જાણવા મળેલ છે. એટલે કે શરૂઆત થી આજદિન સુધીમાં સરેરાશ શ્રમિક વેતનમાં સદંતર વધારો થયેલ છે અને વર્ષ ૨૦૧૭-૧૮ માં ૧૬૯ રૂપિયા જેટલું સરેરાશ વેતન શ્રમિક કુટુંબોએ મેળવેલ છે (ટેબલ ક્રમાંક:-૩) . જે વર્ષ ૨૦૦૬-૦૭ની સરખામણીમાં ૪૦ ટકા જેટલું વધુ છે , આથી કહી શકાય કે યોજના અંતર્ગત શ્રમિક કુટુબોની ભાગીદારી તેમજ માનવદિન રોજગારીમાં વધ –ઘટ થઈ હોવા છતાં શ્રમિક વેતન વધારાનાં કારણેજ આજે યોજનાનું નાણકીય બજેટ તેમજ ખર્ચનું પ્રમાણ વધ્યું છે તેમજ શ્રમિક કુટુંબોને અન્ય અસંગથિત ક્ષેત્રોમાં સારૂં વેતન મળતું થયું છે જે શ્રમિકોનાં સામાજિક અને આર્થિક વિકાસ માટે લાભપ્રદ ગણાવી શકાય. પરંતુ ગ્રામ્ય સ્તરે શ્રમિક કુટુબોનું વાસ્તવિક યોજનાકીય જોડાણ તેમજ ખર્ચ નાં પ્રમાણમાં ગ્રામ્ય સ્તેર નિર્માણ પામેલ અસ્કયામતો ની ગુણવત્તા અને આ અસ્કયામતો થકી થયેલ સામાજિક - આર્થિક વિકાસ વિશે મૂલ્યાંકન ગ્રામ્ય/તાલુકા/જીલ્લા સ્તરે ખુબજ જરૂરી છે જેથી કાયદામાં થયેલ જોગવાઇઓ મુજબ શ્રમિક કુટુંબોને થયેલ સામજિક આર્થિક લાભો સમજી શકાય તેમજ જરૂર પડ્યે યોજનાની મુળ માર્ગદર્શિકામાં ફેરફાર કરી શકાય.

(૭) કામ પૂર્ણતાનો દર:- યોજના અંતર્ગત બાર વર્ષમાં કુલ ૯૯૩.૪૨ લાખ આયોજિત કામો પૈકી ફક્ત ૩૩.૪૬ ટકા કામો પૂર્ણ કરવામાં આવેલ છે. (ટેબલ ક્રમાંક:-૪) વર્ષવાર કામપૂર્ણતાનો દર જોવામાં આવે તો વર્ષ ૨૦૧૦-૧૧ માં સૌથી વધુ ૫૧ ટકા જેટલો જાણવા મળે છે ત્યારબાદના દરેક વર્ષમાં આ દરમાં સદંતર ઘટાડો થયેલ છે સૌથી ઓછો કામ પૂર્ણતાનો દર વર્ષ ૨૦૧૧-૧૨ માં ૨૦ ટકા સુધીનો હતો. પરંતુ વર્ષ ૨૦૧૬-૧૭ માં કામપૂર્ણતાના દરમાં વધારો નોધાયો જે ૪૦ ટકા જેટલો હોવાનું માલુમ પડેલ છે. વર્ષવાર કામપૂર્ણતાના દર નું અવલોકન કરતાં જોવા મળે છે કે યોજના અંતર્ગત આજદિન સુધીમાં આયોજિત થયેલ કુલ કામો પૈકી ૨૦ ટકા થી ૫૦ ટકા કામો ગ્રામ્ય સ્તેર પૂર્ણ થયેલ છે જે બતાવે છે કે આયોજન અને અમલીકરણ પ્રક્રિયા ગ્રામિણ સ્તરે કરવામાં આવતી હોવા છતાં તેમાં બદલાવની જરૂરિયાત રહેલ છે. મનરેગા યોજનાનું મહત્વનું પાસું જો ગણવામાં આવે તો ગ્રામિણ સ્તરે સ્થાનિક જરૂરિયાત ને અનુલક્ષી સામાજિક અને આર્થિક વિકાસમાં બદલાવ લાવી શકે તેવા ટકાઉ કામોનું લાંબા ગાળા માટે આયોજન કરવું જેથી યોજના અંતર્ગત ચોક્કસ તેમજ જરૂરિયાતમદ શ્રમિક કુટુબોની ભાગદારી વધે અને શ્રમિક માનવદિનમાં વધારો થતા કુટુંબની આર્થિક પરિસ્થિતિમાં બદલાવ લાવી શકાય.

ટેબલ:-૪ રાષ્ટ્રીય સ્તરે મનરેગા યોજનામાં પૂર્ણ થયેલ કામો

| વર્ષ | આયોજિત કામો (લાખમાં) | પૂર્ણ થયેલ કામો (લાખમાં) | પૂર્ણ થયેલ કામોની ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૦૬-૦૭ (૨૦૦ જીલ્લાઓ) | ૮.૩૫ | ૩.૮૭ | ૪૬.૩૫ |
| ૨૦૦૭-૦૮ (૩૩૦ જીલ્લાઓ) | ૧૭.૮૮ | ૮.૨૨ | ૪૫.૯૭ |
| ૨૦૦૮-૦૯ (સમગ્ર જીલ્લાઓ) | ૨૭.૭૫ | ૧૨.૧૪ | ૪૩.૭૫ |
| ૨૦૦૯-૧૦ | ૪૬.૧૭ | ૨૨.૫૯ | ૪૮.૯૩ |
| ૨૦૧૦-૧૧ | ૫૦.૯૯ | ૨૫.૯ | ૫૦.૭૯ |
| ૨૦૧૧-૧૨ | ૭૪.૧૩ | ૧૫.૦૧ | ૨૦.૨૫ |
| ૨૦૧૨-૧૩ | ૧૦૪.૬૩ | ૨૫.૫૩ | ૨૪.૪૦ |
| ૨૦૧૩-૧૪ | ૯૩.૪૧ | ૨૭.૬૨ | ૨૯.૫૭ |
| ૨૦૧૪-૧૫ | ૯૭.૬૫ | ૨૯.૪૪ | ૩૦.૧૫ |
| ૨૦૧૫-૧૬ | ૧૨૩.૧૨ | ૩૬.૧૮ | ૨૯.૩૯ |
| ૨૦૧૬-૧૭ | ૧૬૨.૫૪ | ૬૫.૪૬ | ૪૦.૨૭ |
| ૨૦૧૭-૧૮ | ૧૮૬.૮ | ૬૦.૪ | ૩૨.૩૩ |
| કુલ | ૯૯૩.૪૨ | ૩૩૨.૩૬ | ૩૩.૪૬ |

સ્ત્રોત: (1) http://mnregaweb4.nic.in/netnrega/all_lvl_details_dashboard
(2) Ministry of Rural Development .GOI, Taken from Planning Commission of India

<u>**સમાપન:-**</u> ગરીબ કુટુંબોના હાથમાં થોડી વધુ આવક મુકવામાં તેમજ વ્યક્તિગત અસ્કયામતોનાં સર્જનમાં આ કાર્યક્રમ સફળ થયો છે. પરંતુ તેને કારણે ગરીબાઈની રેખાથી ઉપર જતાં કુટુંબોની સંખ્યા પ્રમાણમાં અલ્પ છે. જો યોજના અંતર્ગત રાષ્ટ્રીય/રાજ્યની પ્રાદેશિક વિસ્તારની જરૂરીયાતો સમજી સામુદાયિક ટકાઉ અસ્કયામતોનાં સર્જન માટે લાંબા ગાળાનું આયોજન દરેક પંચાયતો દ્વારા જે તે વિસ્તારમાં કામ કરતી સ્વૈછિક તેમજ શૈક્ષણિક સંસ્થાઓની મદદ થી કરવામાં આવે તો વધુ વળતર આપી શકે છે. આ માટે જરૂરી સંશોધનો કરી યોજનાની મુળ માર્ગદર્શિકામાં બદલાવ લાવી શકાય છે . ગ્રામ્ય સ્તેર દરેક શ્રમિકો ને યોજના અંતર્ગત મળતા હક્કો થી જાગૃત કરવામાં આવે તેમજ યોજનાના અમલીકરણ અને આયોજનમાં સ્થાનિક લોકોની ભાગીદારી ફળિયા/વોર્ડ મુજબ વધારવી જોઈએ જેથી ગ્રામ્ય સ્તરે યોજનાને બાધારૂપ બનતા સ્થાનિક રાજકીય પ્રશ્નો/સગાવાદ કે ભ્રષ્ટાચાર જેવા પહેલું ને નાબુદ કરી શકાય. ટેકનોલોજીનાં સમયમાં યોજનાનું દસ્તાવેજીકરણ સોફ્ટવેર બેઝ કરવામાં આવી રહ્યું છે જે આવકારદાયક છે .જેથી રાજ્ય સ્તરે કે રાષ્ટ્રીય સ્તરે યોજનાનું મૂલ્યાંકન ઝડપી થઈ શકે પરતું આ યોજનાનું જિલ્લા/તાલુકામાં આવતી ગ્રામપંચાયતો નું આંતરિક મૂલ્યાંકન કરવામાં આવેતો એક જ પ્રાદેશિક વિસ્તરમાં આવતા જુદાં યોજનાની અસરકારકતાનો ખ્યાલ મળી શકે તેમજ સાથે સાથે ગ્રામિણ સ્તરે યોજનામાં નિર્ધારિત થયેલ હક્કો અને શ્રમિકો પાસે રહેલ યોજનાકીય

આધાર પુરાવા ને પણ અવારનવાર સામાજીક તપાસના ભાગ રૂપે મુલ્યાંકન કરતા રહીએ તો આંકડાકીય માહિતી અને શ્રમિક કુટુંબોની પાસે રહેલ યોજનાકીય જાણકારી તેમજ યોજના દ્વારા ગ્રામિણ સ્તરે આવેલ સામજિક અને આર્થિક અસરોને ખ્યાલ આવે જેથી વર્ષ ૨૦૦૬ થી અમલીકૃત થયેલ ગ્રામિણ વિકાસ માટેની તાકાત ધરાવતી આ યોજના રાષ્ટ્રીય માનવ વિકાસમાં અમુલ્ય યોગદાન આપી શકે.

**<u>સંદર્ભ સૂચી;-</u>**


૧. ગુજરાતી વિશ્વકોશ,(૧૯૯૪),ખંડ-૬.ગ.ધો.ગુજરાતી વિશ્વકોષ ટ્રસ્ટ,અમદાવાદ.

૨. ગ્રામ પંચાયત ગાઈડબુક,ફેબ્રુઆરી (૨૦૧૧),પંચાયતી રાજ મત્રાલય અને ગ્રામિણ વિકાસ મંત્રાલય.

૩. ગ્રામ વિકાસ એક નજર કાર્યક્રમો.... ,ગ્રામિણ વિકાસ મંત્રાલય

૪. MAHATMA GANDHI NATIONAL RURAL EMPLOYMENT GUARANTEE ACT, 2005, REPORT TO THE PEPLE, 2, February 2013.

૫.ગ્રામીણ વિકાસ મંત્રાલય,ભારત સરકાર (૨૦૧૬-૧૭),માસ્ટર સરક્યુલર બૃહદ પરિપત્ર.

૬. http://www.business-standard.com/article/opinion/10-years-of-mgnrega

૭. http://nrega.nic.in/netnrega/home.aspx

૮. http://socialissuesindia.wordpress.com